ક્રમાંક: ઉમશ/ઉમા.૨/૨૦૧૮/ ૯૨૨૩-૫૫
કમિશનર શાળાઓની કચેરી
બ્લોક નં.૯/૧ ડો.જીવરાજ મહેતા ભવન
ગુ.રા.ગાંધીનગર, તા :૭/ ૧૨/૨૦૧૮

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ

**વિષય:–** ગુજરાત રાજય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મંડળનું બે દિવસીય શૈક્ષણિક અધિવેશનની મંજુરી બાબત

**સંદર્ભ:–** પ્રમુખશ્રી, ગુજરાત રાજય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળનો તા.૨૬/૧૧/૧૮નો પત્ર

ઉપરોક્ત વિષયના અનુસંધાનમાં જણાવવાનું કે, ગુજરાત રાજય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળની રાજય કારોબારીમાં ગુજરાત રાજય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળનું બે દિવસનું અધિવેશન યોજવાનું નકકી કરવામાં આવેલ છે. અને તે અંગેની જરૂરી મંજુરી સંદર્ભિત પત્રથી માંગવામાં આવેલ છે.જે ધ્યાને ગ્રાહય રાખી બે દિવસનું અધિવેશન ગુજરાત રાજયની અંદર યોજવાની આથી પરવાનગી આપવામાં આવે છે.

સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૨-૦૭-૧૯૯૯ ના ઠરાવ પરિશિષ્ટ-૨ ની આઈટમની કલમ-૩૫ અનુસાર સેમિનાર/પરિષદ અન્વયેનો ખર્ચ માન્ય કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે.જેના આધારે પરિષદ માટેની રૂા.૬૫૦/- (અંકે રૂપિયા છસો પચાસ પુરા ) તથા અધિવેશનમાં હાજરી આપતા શિક્ષકોના પ્રવાસ ભથ્થાંનો ખર્ચ શાળાની ગ્રાન્ટમાંથી નિયમોનુસાર મળવાપાત્ર થશે.

ઉકત ખર્ચ શાળાને મળવાપાત્ર ઈતર ખર્ચની જોગવાઈ મુજબ ગ્રાન્ટને પાત્ર ગણવા માટે નિયમાનુસાર કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

સંઘના અધિવેશન માટેનું સ્થળ અને તારીખ સંઘની અનુકુળતા પ્રમાણે નકકી કરવાનું રહેશે.

આ અધિવેશન તારીખ-૫-૧-૨૦૧૯ તથા તા.૬-૧-૨૦૧૯ અધિવેશનનું સ્થળ- ચરોતર યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી,ચારૂસેટ કેમ્પસ મુ. ચાંગા તા.પેટલાદ જિ.આણંદ અને આ અધિવેશન ખરેખર જે તારીખે યોજાય તેની જાણ આ કચેરીને સમયસર કરવાની રહેશે.

માનનીય નિયામકશ્રીના શાખા નોંધ પરના આદેશ અનુસાર.

સંયુકત શિક્ષણ નિયામક
૧૦+ ૨ ખાસ ઘટક
ગુ.રા.ગાંધીનગર

**નકલ રવાના સવિનય રવાના જાણસારુ:-**
પ્રમુખશ્રી, ગુજરાત રાજય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ,
'અલય'-૧૮ કૃપા સોસાયટી માંગલિક પાર્ટી પ્લોટની બાજુમાં,અક્ષર ફાર્મ રોડ,આણંદ
ક્રમાંક: જિ.શિ/પરિપત્ર/૨૦૧૮/૬૦૦૨

ક્રમાંક / ૬૦૦૧
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
જોરાવર પેલેસ,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.
તારીખ : ૭ -૧૨ -૨૦૧૮

, નકલ રવાના જાણ તથા અમલ સારૂ.

પ્રતિ,
કાર્યાલય
તમામ (બિનસરકારી) મા. ઉ.મા.શાળાઓ (ગ્રાન્ટેડ)
બનાસકાંઠા જીલ્લો.
- પ્રમુખ/મંત્રીશ્રી, બનાસકાંઠા જીલ્લા ઉ.મા. શિક્ષક સંઘ,
C/o. [illegible]

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર

Scanned by CamScanner

Scanned by CamScanner